**ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૬૨૨૩ (પરીક્ષા નિયામક)**

**ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧, ૨૬૩૦૦૩૪૨-૪૩, ૨૬૩૦૦૧૨૬, ટેલિગ્રામ : યુનિગુજરાત**

# ગુજરાત યુનિવર્સિટી

**નં. પરીક્ષા/૪-અ/૨૫૫૨૨/૨૦૧૪**

**પરિપત્ર નં. : ૧૬૩**

**ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,**
**નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯**
**તા. ૨૧-૬-૨૦૧૪**

આથી યુનિવર્સિટી સંલગ્ન આર્ટ્સ, કૉમર્સ, સાયન્સ, બી.બી.એ. તથા બી.સી.એ. કૉલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, આગામી જુલાઈ-૨૦૧૪ માસમાં F.Y. B.A., F.Y. B.Com., F.Y. B.Sc., F.Y. B.B.A. & F.Y. B.C.A. (વાર્ષિક પદ્ધતિ)ની પૂરક પરીક્ષા લેવાનું નક્કી કરેલ છે. જેથી ઉપરોક્ત પરીક્ષાઓના આવેદનપત્રો તા. ૨૭-૬-૨૦૧૪ સુધીમાં યુનિવર્સિટી કાર્યાલયને મોકલી આપવા જણાવવામાં આવે છે. ત્યાર બાદ કોઈ આવેદનપત્રો સ્વીકારવામાં આવશે નહીં. જેની નોંધ લેવી.

**ઉપરોક્ત તારીખ મુજબ નીચેની પરીક્ષાઓના ફીનું ધોરણ રીપીટર તથા એ.ટી.કે.ટી. માટે નીચે મુજબ રહેશે (નીચેની પરીક્ષાઓના ફોર્મ મોકલવાના રહેશે.)**

| | |
|---|---|
| (૧) ફર્સ્ટ બી.એ. (રીપીટર) | રૂ. ૧૦૦/- |
| (૨) ફર્સ્ટ બી.કૉમ. (રીપીટર) | રૂ. ૧૦૦/- |
| (૩) ફર્સ્ટ બી.એસસી. (રીપીટર) | રૂ. ૧૨૫/- |
| (૪) ફર્સ્ટ બી.બી.એ. (રીપીટર) | રૂ. ૫૦૦/- |
| (૫) ફર્સ્ટ બી.સી.એ. (રીપીટર) | રૂ. ૫૦૦/- |

**ખાસ અગત્યનું : જે વિદ્યાર્થીઓ એસ.વાય. અને ટી.વાય. પાસ કરેલ હોય અને એફ.વાય.માં માત્ર એક વિષયમાં ફેઈલ (નાપાસ) હોય તેવા વિદ્યાર્થીઓના જ ફોર્મ ભરાવવાના રહેશે.**

૧. ઉપરોક્ત પરીક્ષાઓના એનરોલમેન્ટ આધારિત સ્કેનિંગવાળા ફોર્મ યુનિવર્સિટી કાઉન્ટર પરથી રૂ. ૨૫/-ની કિંમતે સંસ્થાએ મેળવી લેવાના રહેશે.

૨. વિદ્યાર્થીનો એનરોલમેન્ટ નંબર ચકાસીને સાચો લખવો જેથી હોલ ટીકિટમાં કોઈ પણ પ્રકારની ક્ષતિ રહે નહિં. આવેદનપત્રમાં દર્શાવેલ તમામ વિગતો જેવી કે, કોમ્બિનેશન કોડ, એપિયરિંગ કોડ, પ્રિવિયસ કોડ, કૉલેજ કોડ, વિષય વગેરેની કાળજીપૂર્વક ચકાસણી કરવી જેથી વિદ્યાર્થીને પરીક્ષા દરમિયાન કે ત્યારબાદ કોઈ પ્રકારની મુશ્કેલી ઊભી થાય નહિં.

૩. પરીક્ષા આવેદનપત્ર સાથે વિદ્યાર્થીએ પાસ કરેલ તમામ પ્રયત્નોની ગુણપત્રકની નકલ અવશ્ય બીડવાની રહેશે. યુનિવર્સિટી કાર્યાલયને ઓર્ડિ. ૧૨૭ની માહિતી અને પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષના ક્રેડિટ ગુણ તૈયાર કરવામાં સરળતા રહે.

૪. આપની સંસ્થામાં આગામી પરીક્ષાઓમાં બેસનાર તમામ વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે પરીક્ષા ફી રોકડેથી, ડિમાન્ડ ડ્રાફ્ટ કે પે-ઓર્ડરથી હિસાબી શાખામાં જમા કરાવી તેની એક રસીદની નકલ પત્રક અને કૉલેજના ફોરવર્ડિંગ પત્ર સાથે રૂમ નં. ૧૪માં આપવાનું રહેશે. **કોઈ પણ સંજોગોમાં ચેક સ્વીકારવામાં આવશે નહિં.** ડિમાન્ડ ડ્રાફ્ટનું બેન્ક કમિશન કુલ ફીમાંથી બાદ કરીને કઢાવવાનું રહેશે. અને તે અંગેનું સ્ટેટમેન્ટ આપવાનું રહેશે. **(માત્ર CTS Code વાળો Demand Draft સ્વીકારવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.)**

૫. યુનિવર્સિટી ખાતે આવેદનપત્ર મોકલતા અગાઉ તમામ પ્રકારની ચકાસણી કરી લેવી જેથી બાદમાં સુધારાવધારા કરવા માટેની કોઈ કાર્યવાહી કરવાની રહે નહિં.

૬. અધૂરી કે ખોટી વિગતોવાળા આવેદનપત્રો મોકલવામાં આવશે અને તેના કારણે વિદ્યાર્થીના નામમાં, વિષયમાં ફોટામાં, એનરોલમેન્ટ નંબરમાં કે અન્ય કોઈ બાબતની ક્ષતિ જણાશે તો તે અંગે યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહિં.

**કે. ડી. વોરા**

**કે. ડી. વોરા**
કા. પરીક્ષા નિયામક

પ્રતિ : (૧) તમામ વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન કૉલેજોનાં આચાર્યશ્રીઓ તરફ
(૨) પરીક્ષા વિભાગના તમામ વિભાગીય અધિકારીઓ તરફ
(૩) કુલસચિવશ્રીના અંગત મદદનીશ તરફ (૪) કુલપતિશ્રીના તથા ઉપકુલપતિશ્રીના અંગત સચિવશ્રી તરફ
(૫) પરીક્ષાના કો-ઑર્ડિનેટરશ્રીઓ.